# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 21-09-2024 સવારે : 7.45 થી 7.55

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અમેરિકાના ત્રણ દિવસ પ્રવાસે રવાના – ચોથા વાર્ષિક ક્વાડ શિખર સંમેલનમાં ભાગ લેશે.
- ✓ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે દાદરા અને નગર હવેલીમાં સિલ્વાસા ખાતે વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે.
- ✓ આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા આતિશી આજે દિલ્હીના નવા મુખ્યમંત્રી તરીકે શપથ લેશે.
- ✓ 2023-24માં યુપીઆઈ દ્વારા થયેલા નાણાંકીય વ્યવહારો વધીને અંદાજે 19 હજાર કરોડ રૂપિયા થયા.
- ✓ અને શ્રીલંકામાં રાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે મતદાન શરૂ થયું.

## *NEW MORN PM US-VISIT*

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે અમેરિકાના ત્રણ દિવસની મુલાકાતે જવા રવાના થયા છે. આ મુલાકાત દરમિયાન શ્રી મોદી ઘણી ઉચ્ચ સ્તરીય બેઠકોમાં ભાગ લેશે.**

**પ્રધાનમંત્રી ડેલાવેરના વિલ્મિંગ્ટનમાં ચોથા વાર્ષિક ક્વાડ શિખર સંમેલનમાં ભાગ લેશે. આ સંમેલનનું આયોજન અમેરિકના રાષ્ટ્રપતિ જો બાઈડેન કરી રહ્યા છે.**

આ પરિષદમાં આબોહવા પરિવર્તનથી લઈને મહત્વની ઉભરતી ટેક્નોલોજી સુધીના મુદ્દાઓ પર ચર્ચા થવાની શક્યતા છે. પ્રધાનમંત્રી મોદી અમેરિકના રાષ્ટ્રપતિ જો બાઈડેન સહિત ક્વાડ જૂથના અન્ય નેતાઓ સાથે દ્વિપક્ષીય મંત્રણા પણ કરશે. ભારત આવતા વર્ષે ક્વાડ શિખર સંમેલનનું આયોજન કરશે.

અમેરિકાની મુલાકાતે જતા પહેલા પ્રધાનમંત્રી કહ્યું હતું કે તેઓ ક્વાડ પરિષદમાં તેમના સાથીદારો અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન, ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી એન્થોની અલ્બેનીઝ અને જાપાનના પ્રધાનમંત્રી ફ્યુમિયો કિશિદા સાથે વાતચીત કરવા આતુર છે. તેમણે કહ્યું હતું કે આ જૂથ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિ માટે સમાન વિચાર ધરાવતા દેશોના પ્લેટફોર્મ તરીકે ઉભરી આવ્યું છે.

અમેરિકી રાષ્ટ્રપતિ સાથેની તેમની મુલાકાત અંગે શ્રી મોદીએ કહ્યું કે આ બેઠક બંને દેશો વચ્ચે વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવશે.

ક્વાડ પરિષદમાં હાજરી આપ્યા બાદ શ્રી મોદી આવતીકાલે ન્યુયોર્ક જશે અને ભારતીય સમુદાયને સંબોધશે. તેઓ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ અને સેમિકન્ડક્ટર સહિતની ઉભરતી ટેક્નોલોજીમાં બંને દેશો વચ્ચે સહયોગને પ્રોત્સાહન આપવા માટે ટોચની અમેરિકી કંપનીઓના સીઈઓ સાથે પણ વાતચીત કરશે.

શ્રી મોદી તેમની મુલાકાતના છેલ્લા દિવસે ત્રેવીસમી સપ્ટેમ્બરે ન્યુયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં સમિટ ઓફ ધી ફ્યુચર એટલે કે ભવિષ્યના શિખર સંમેલનને સંબોધિત કરશે. આ પરિષદની વિષયવસ્તુ છે – સારા ભવિષ્ય માટે બહુપક્ષીય સમાધાન.

શિખર સંમેલનથી અલગ પ્રધાનમંત્રી મોદી ઘણા વૈશ્વિક નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠકો કરશે અને પરસ્પર હિતના મુદ્દાઓ પર ચર્ચા કરશે.

.................

## *VP – DAMAN VISIT*

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ આજે દાદરા અને નગર હવેલીમાં સિલ્વાસા ખાતે નમો તબીબી શિક્ષણ અને સંશોધન સંસ્થાની મુલાકાત લઈને વિદ્યાર્થીઓ અને અધ્યાપકો સાથે સંવાદ કરશે. તેઓ ડોકમરડી ઓડિટોરિયમ ખાતે પશ્ચિમ વિભાગના સાંસ્કૃતિક કેન્દ્ર દ્વારા આયોજિત કાર્યક્રમમાં પાન હાજરી આપશે.

દરમ્યાન ગઈકાલે શ્રી ધનખડે કેન્દ્રશાસિત પ્રદેશ દાદરાનગર હવેલી, દમણ અને દીવમાં જામપોર દરિયા પાસે પક્ષી ઘરનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે આશરે અઢી હેક્ટરમાં ફેલાયેલા આ પક્ષી અભ્યારણની અને આરોગ્ય કેન્દ્રની મુલાકાત લીધી હતી અને બપોર બાદ એન્જીનીયરીંગ કોલેજ અને ફેશન ડીઝાઈનીંગ કોલેજ તેમજ રીંગણવાડા સરકારી શાળાની મુલાકાત લીધી હતી અને વિદ્યાર્થીઓને મળ્યા હતા.

ઉલ્લેખનીય છે કે, ઉપરાષ્ટ્રપતિ કેન્દ્રશાસિત પ્રદેશ, દાદરાનગર હવેલી, દમણ અને દીવની ત્રણ દિવસની મુલાકાતે પહોંચ્યા છે. ગઈકાલે હવાઈમથક પર દમણના પ્રશાસક પ્રફુલ પટેલે તેમનું સ્વાગત કર્યું હતું.

.................

## *REV DELHI CM-ATISHI*

આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા સુશ્રી આતિશી આજે દિલ્હીના નવા મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. શપથ ગ્રહણ સમારોહ આજે રાજ નિવાસ ખાતે યોજાશે, જ્યાં દિલ્હીના ઉપરાજ્યપાલ વિનયકુમાર સક્સેના સુશ્રી આતિશી અને તેમની મંત્રી પરિષદના સભ્યોને શપથ લેવડાવશે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શપથગ્રહણની તારીખથી આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા આતિશીને દિલ્હીના મુખ્યમંત્રી તરીકે નિયુક્ત કર્યા છે. રાષ્ટ્રપતિએ પાંચ મંત્રીઓની નિમણૂકને પણ મંજૂરી આપી છે. જેમાં ગોપાલ રાય, કૈલાશ ગેહલોત, સૌરભ ભારદ્વાજ, ઈમરાન હુસૈન અને મુકેશ અહલાવતનો સમાવેશ થાય છે.

સુશ્રી આતિશી કોંગ્રેસના શીલા દીક્ષિત અને ભાજપના સુષ્મા સ્વરાજ પછી દિલ્હીના ત્રીજી મહિલા મુખ્યમંત્રી બનશે.

.................

## *MAHA VISIT-AMIT SHAH*

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આ મહિનાની 24 તારીખે મહારાષ્ટ્રની બે દિવસીય મુલાકાત લેશે. પાર્ટીની રાજ્ય શાખાના પ્રમુખ ચંદ્રશેખર બાવનકુલેએ પત્રકારોને જણાવ્યું હતું કે શ્રી શાહ તેમની મુલાકાતના પ્રથમ દિવસે નાગપુર અને છત્રપતિ સંભાજીનગરમાં પક્ષના પદાધિકારીઓ સાથે વાતચીત કરશે. તેઓ 25મી સપ્ટેમ્બરે નાસિક અને કોલ્હાપુર જશે. શ્રી બાવનકુલેએ જણાવ્યું હતું કે શ્રી શાહનું માર્ગદર્શન પાર્ટીના કાર્યકરોમાં નવો ઉત્સાહ આપશે અને મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં સત્તારૂઢ મહાયુતિ ગઠબંધન ફરીથી સત્તામાં આવશે. આ ગઠબંધનમાં ભાજપ, શિવસેના અને અજિત પવારના નેતૃત્વવાળી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી સામેલ છે.

.................

## *IMD WEATHER*

આગામી 3 દિવસ દરમિયાન દેશના પશ્ચિમ, ઉત્તરપૂર્વ અને દક્ષિણ ભાગોમાં વરસાદની આગાહી છે. હવામાન વિભાગે આંદામાન અને નિકોબાર ટાપુઓ અને તેલંગાણામાં ભારે વરસાદની આગાહી કરી છે. આ ઉપરાંત 25 સપ્ટેમ્બર સુધી મધ્ય મહારાષ્ટ્ર, કોંકણ, ગોવા, ગુજરાત અને મરાઠવાડામાં ભારે વરસાદની શક્યતા છે. તો 26 સપ્ટેમ્બર સુધી ઓડિશા, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ભારે વરસાદની સંભાવના છે.

.................

## *MID BREAK- NEWS- NATIONAL*

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

.................

## *UPI-DIGITAL PAYMENT*

નાણા મંત્રાલયે કહ્યું છે કે નાણાકીય વર્ષ 2023-24માં ડિજિટલ પેમેન્ટ દ્વારા નાણાંકીય વ્યવહારો વધીને લગભગ 19 હજાર કરોડ રૂપિયા થાય છે, જ્યારે નાણાકીય વર્ષ 2017-18માં તે  બે હજાર કરોડ રૂપિયા હતા. આ જ સમયગાળા દરમિયાન યુનિફાઈડ પેમેન્ટ્સ ઈન્ટરફેસ (UPI) વ્યવહારો પણ અંદાજે નેવું કરોડથી વધીને 13 હજાર કરોડ રૂપિયાથી વધુ થઈ ગયા છે.

નાણા મંત્રાલયના જણાવ્યા અનુસાર નાણાકીય વર્ષ 2023-24માં UPI વ્યવહારો 200 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયા છે. મંત્રાલયે એ પણ માહિતી આપી હતી કે UPI હાલમાં સાત દેશોમાં જીવંત વ્યવહાર એટલે કે લાઇવ ટ્રાન્ઝેક્શનની સુવિધા આપે છે. જેમાં સંયુક્ત આરબ અમીરાત, સિંગાપોર, ભૂતાન, નેપાળ, શ્રીલંકા, ફ્રાન્સ અને મોરેશિયસનો સમાવેશ થાય છે.

.................

## *REV. SL-PREZ ELECTION*

શ્રીલંકામાં નવા રાષ્ટ્રપતિ માટે આજે સવારે સાત વાગ્યાથી મતદાન શરૂ થયું છે. દેશના એક કરોડ 70 લાખ મતદારો પ્રેફરન્શિયલ વોટિંગ સિસ્ટમ એટલે કે ક્રમાંક આધારિત મતદાન પ્રણાલી દ્વારા કુલ 38 ઉમેદવારોના રાજકીય ભાવિનો નિર્ણય કરશે.

વર્તમાન રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે, વિપક્ષી નેતા અને SJBના ઉમેદવાર સાજિથ  પ્રેમદાસા અને NPP નેતા અનુરા કુમાર દિસાનાયકે વચ્ચે મુખ્ય મુકાબલો

છે. મતદાન સાંજના સાડા ચાર વાગ્યા સુધી ચાલશે. ચુંટણી માટે સમગ્ર દેશમાં તેર હજાર ચારસો મતદાન કેન્દ્રો ઉભા  કરવામાં આવ્યા છે. શ્રીલંકાના રાષ્ટ્રીય ચૂંટણી પંચે કહ્યું છે કે આજે સાંજે મતગણતરી પણ શરૂ  થશે. મુખ્ય ઉમેદવારો જીત માટે આશાવાદી છે, પરંતુ નિષ્ણાતો કહે છે કે મત ગણતરીના પ્રથમ  રાઉન્ડમાં એક પણ ઉમેદવારને બહુમતી સમર્થન મળે તેવી શક્યતા નથી.

.................

## અને હવે આજના અખબારોના મુખ્ય સમાચાર રજૂ કરે છે મારા સહયોગી રિદ્ધિ ઉંધાડ....

- દિવ્ય ભાસ્કરે IPS દ્વારા શોષણ અને બ્લેકમેલિંગના એક્સ્યૂઝિવ સમાચારોને મુખ્ય સમાચાર તરીકે સ્થાન આપ્યું છે.
- સંદેશ અખબારે – શેરબજારમાં લાલચોળ તેજી – સેન્સેક્સ અને નિફ્ટી ઑલટાઇમ હાઇ સ્તરે પહોંચ્યા – સમાચારને મુખ્ય મથાળું બનાવ્યું છે.
- આ ઉપરાંત દિવ્ય ભાસ્કર, ઇન્ડિયન એક્સપ્રેસ, ટાઇમ્સ ઓફ ઇન્ડિયા સહિતના અખબારોમાં બોમ્બે હાઇકોર્ટ દ્વારા સોશિયલ મીડિયા પર સરકારના ફેક્ટ ચેક યુનિટને ગેરબંધારણી ઠરાવ્યાના સમાચારોને પ્રથમ પાને સ્થાન અપાયું છે
- ફૂલછાબમાં – તિરુપતિ પ્રસાદ વિવાદ – કેન્દ્રનું કડક વલણ, રિપોર્ટ માગ્યો  - નવગુજરાત સમયમાં – પીએમ મોદી આજથી અમેરિકાના ત્રણ દિવસના પ્રવાસે સમાચારનો મુખ્ય સમાચાર તરીકે સ્થાન અપાયું છે.
- ઇન્ડિયન એક્સપ્રેસ અખબારે - દાહોદમાં છ વર્ષની બાળકી શાળા પરિસરમાં મૃત હાલતમાં મળી આવી હોવાના સમાચારને પ્રથમ પાને સ્થાન આપ્યું છે.
- ટાઇમ્સ ઑફ ઇન્ડિયાએ બેંગલોરના લઘુમતિ વિસ્તારને પાકિસ્તાન કહેવા પર સુપ્રીમ કોર્ટે ઉઠાવેલા વિરોધના સમાચારને પ્રથમ પાને સ્થાન આપ્યું છે.

--------------

## *CRICKET-INDIA BANGLADESH*

ચેન્નાઈમાં રમાઈ રહેલી ભારત અને બાંગ્લાદેશ વચ્ચેની પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચના આજે ત્રીજા દિવસે ભારત ત્રણ વિકેટે 81 રનથી આગળ છે. ભારતને અત્યાર સુધીમાં કુલ ત્રણસો આઠ  રનની લીડ મળી છે. શુભમન ગિલ 33 અને રિષભ પંત 12 રન સાથે રમતમાં  છે.

આ પહેલા પ્રથમ દાવમાં ભારતના 376 રનના જવાબમાં બાંગ્લાદેશની આખી ટીમ 149 રનમાં આઉટ થઈ ગઈ હતી. પ્રથમ દાવના આધારે ભારતને 227 રનની લીડ મળી હતી. ભારત તરફથી જસપ્રીત બુમરાહે ચાર વિકેટ લીધી હતી જ્યારે મોહમ્મદ સિરાજ, આકાશ દીપ અને રવિન્દ્ર જાડેજાએ બે-બે વિકેટ લીધી હતી.

.................